02/JAN/2025 ના રોજ પ્રકાશિત

નિયમો અને શરતો

આ નિયમો અને શરતો ("**નિયમો અને શરતો**") એચડીએફસી બેંક લિમિટેડ ("**એચડીએફસી બેંક**") દ્વારા જારી કરાયેલ પ્રિપેઈડ કાર્ડ્સ (જેવી રીતે આગળ પરિભાષિત કરવામાં આવ્યું છે) ને લાગુ પડે છે અને નિયંત્રિત કરે છે. આ નિયમો અને શરતો સમય સમય પર, એચડીએફસી બેંક દ્વારા નિયત અન્ય કોઈપણ નિયમો ઉપરાંતના રહેશે અને તેમના અનાદરમાં નહીં હોય.

1. પરિભાષા

જ્યાં સુધી વિષય અથવા સંદર્ભમાં કંઈપણ અસંગત ન હોય, તો નીચે સૂચિબદ્ધ મોટા અક્ષરોમાં લખાયેલા શબ્દોના નીચે મુજબ અર્થ થશે:

"**ખાતું**" નો અર્થ કાર્ડધારકનું એચડીએફસી બેંકમાં કોઈપણ બચત/ચાલુ ખાતું થશે;

"**ચેતવણીઓ**" નો અર્થ કાર્ડધારક અને/અથવા એચડીએફસી બેંક દ્વારા નિર્ધારિત અથવા મૂકવામાં આવેલી સૂચનાઓના આધારે કાર્ડધારકને મોબાઈલ ફોન પર શોર્ટ મેસેજ સર્વિસ તરીકે અથવા ઈલેક્ટ્રોનિક મેઈલ દ્વારા મેસેજ તરીકે મોકલવામાં આવતા કસ્ટમાઈઝ્ડ સંદેશાઓ થશે;

"**લાગુ પડતો કાયદો**" નો અર્થ થશે અને તેમાં ભારતના કોઈપણ કાયદાકીય સંસ્થાના તમામ લાગુ કાનૂનો, હુકમો અથવા અધિનિયમો, કાયદો, વટહુકમો, નિયમો, પેટા-નિયમો, નિયમનો, સૂચનાઓ, માર્ગદર્શિકાઓ, નીતિઓ, દિશાનિર્દેશો, નિર્દેશો અને કોઈપણ સરકારી સત્તાધિકારીના આદેશો અને તેના કોઈપણ ફેરફારો અથવા પુનઃઅધિનિયમોનો સમાવેશ થશે;

"**અરજદાર**" નો અર્થ થશે એ વ્યક્તિ જે કાર્ડધારકને એચડીએફસી બેંક દ્વારા પ્રિપેઈડ કાર્ડ(ર્ડ્સ) જારી કરવા માટેનું અરજી પત્રક સબમિટ કરીને અરજી કરે છે;

"**અરજી પત્રક**" નો અર્થ કાર્ડધારકને પ્રિપેઈડ કાર્ડ જારી કરવા માટે અરજદાર દ્વારા યોગ્ય રીતે ભરેલું અને રજૂ કરેલું અરજી પત્રક થશે, જેમાં તમામ પરિશિષ્ટો અને આદેશોનો સમાવેશ થાય છે;

"**કાર્ડ બેલેન્સ**" નો અર્થ સમયાંતરે પ્રીપેડ કાર્ડ(ર્ડ્સ) પર લોડ થયેલ/પુન:લોડ થયેલ બેલેન્સ થશે;

"**કાર્ડધારક**" નો અર્થ એ થશે કે જેને એચડીએફસી બેંકે પ્રિપેઈડ કાર્ડ જારી કરવા માટે અરજદાર દ્વારા રજૂ કરાયેલ અરજી પત્રકના આધારે પ્રિપેઈડ કાર્ડ જારી કર્યું છે;

"**કસ્ટમર કેર**" નો અર્થ એ થશે કે એચડીએફસી બેંક દ્વારા કાર્ડધારકોને કોઈપણ પ્રિપેઈડ કાર્ડ સંબંધિત પ્રશ્નો માટે પૂરી પાડવામાં આવતી ટોલ-ફ્રી ટેલિફોનિક ગ્રાહક સેવા સુવિધા, જેનો નંબર પ્રિપેઈડ કાર્ડની પાછળ દર્શાવેલ છે;

"**એચડીએફસી બેંક વેબસાઈટ**" નો અર્થ www.HDFCbank.com થાય છે, જે એચડીએફસી બેંકની માલિકીની, તેના સંચાલન અને જાળવણી હેઠળ છે;

"**કેવાયસી માર્ગદર્શિકા**" નો અર્થ ભારતીય રિઝર્વ બેંક દ્વારા 25 ફેબ્રુઆરી, 2016 ના રોજ જારી કરાયેલ માસ્ટર દિશાનિર્દેશ થશે, જેનો ક્રમાંક DBR.AML.BC.No.81/14.01.001/2015-16 છે, જેમાં માસ્ટર દિશાનિર્દેશ - તમારા ગ્રાહકને જાણો (કેવાયસી) દિશાનિર્દેશ, 2016 અને ભારતીય રિઝર્વ બેંક દ્વારા જારી કરાયેલ અન્ય તમામ લાગુ પડતા 'તમારા ગ્રાહકને જાણો' દિશાનિર્દેશો અથવા માર્ગદર્શિકાઓ હશે;

"**પીપીઆઈ માસ્ટર દિશાનિર્દેશો**" નો અર્થ ભારતીય રિઝર્વ બેંક દ્વારા 11 ઓક્ટોબર, 2017 ના રોજ જારી કરાયેલ "પ્રિપેઈડ

પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ્સના જારી અને સંચાલન પર માસ્ટર ડાયરેક્શન" શીર્ષક સાથેનો માસ્ટર દિશાનિર્દેશ થશે, જેનો સંદર્ભ નંબર RBI/DPSS/ 2017-18/ 58 માસ્ટર દિશાનિર્દેશ DPSS.CO.PD.No. 1164/02.14.006/2017-18 હશે;

"**પ્રિપેઈડ કાર્ડ(ર્ડ્સ)**" નો અર્થ "એચડીએફસી બેંક મિલેનિયા પ્રિપેઈડ કાર્ડ" નામ ધરાવતું ઓપન-લૂપ પ્રિપેઈડ કાર્ડ હશે જે એચડીએફસી બેંક દ્વારા કાર્ડધારકોને આ નિયમો અને શરતો અનુસાર જારી કરવામાં આવે છે;

"**વ્યવહાર (રો)**" નો અર્થ પ્રિપેઈડ કાર્ડ(ર્ડ્સ) નો ઉપયોગ કરીને કરવામાં આવતા કોઈપણ વ્યવહાર(રો) (કાર્ડ-નોટ-પ્રેઝન્ટ વ્યવહારો સહિત) થશે, જેમાં મર્યાદા વિના, પ્રિપેઈડ કાર્ડ(ર્ડ્સ) માંથી પૈસા ઉપાડવા માટે ઓટોમેટેડ ટેલર મશીનો પર કરવામાં આવતા વ્યવહારોનો સમાવેશ થાય છે.

2. અર્થઘટન

આ નિયમો અને શરતોમાં, જ્યાં સુધી સંદર્ભ અન્યથા જરૂરી ન હોય ત્યાં સુધી:

(a) એકવચનમાં બહુવચનનો સમાવેશ થાય છે, અને તેનાથી વિપરીત, કોઈપણ લિંગના શબ્દો અન્ય લિંગનો સમાવેશ કરે છે તેવું માનવામાં આવે છે;

(b) "આને લગતું", "અહીં", "આથી", "અહીં સુધી" અને ડેરિવેટિવ્ઝ અથવા સમાન શબ્દો આ નિયમો અને શરતોનો સંદર્ભ આપે છે;

(c) "સમાવેશ કરે છે" અથવા "સહિત" શબ્દોના સંદર્ભોનો અર્થ મર્યાદા વિના કરવામાં આવશે;

(d) કોઈપણ ફકરાનો સંદર્ભ આ નિયમો અને શરતોનો ફકરો હશે;

(e) કોઈપણ ઘડાયેલ કાનૂન, કાયદો, પરિપત્ર અથવા નિયમન અથવા તેની કોઈપણ જોગવાઈના સંદર્ભમાં, કોઈપણ આવો ઘડાયેલ કાનૂન, કાયદા, પરિપત્ર અથવા નિયમનના સંદર્ભોનો સમાવેશ થશે, જે તે તારીખ પછી, સમય સમય પર, સુધારવામાં, પૂરક તરીકે ઉમેરવામાં અથવા ફરીથી અમલમાં મૂકવામાં આવશે, અને વૈધાનિક જોગવાઈના કોઈપણ સંદર્ભમાં, તે જોગવાઈ હેઠળ સમય સમય પર કરવામાં આવેલા કોઈપણ ગૌણ કાયદાનો સમાવેશ થશે;

(f) "વ્યક્તિ" શબ્દમાં વ્યક્તિ, ભાગીદારી પેઢી, મર્યાદિત જવાબદારી ભાગીદારી, કંપની (કંપની અધિનિયમ, 2013 ની કલમ 2(20) માં વ્યાખ્યાયિત કર્યા મુજબ), કોર્પોરેટ બોડી (કંપની અધિનિયમ, 2013 ની કલમ 2(11) માં વ્યાખ્યાયિત કર્યા મુજબ), સહકારી મંડળી, ટ્રસ્ટ, વ્યક્તિઓનું મંડળ, પછી ભલે તે નિગમિત હોય કે ન હોય અને કોઈપણ અન્ય એન્ટિટીનો સમાવેશ થાય છે;

(g) મથાળા અને બોલ્ડ ટાઈપફેસનો ઉપયોગ ફક્ત સુવિધા માટે કરવામાં આવ્યો છે અને આ નિયમો અને શરતોના અર્થઘટનને અસર કરશે નહીં.

3. પ્રિપેઈડ કાર્ડ માટે અરજી અને જારી કરવું

3.1 પ્રિપેઈડ કાર્ડ જારી કરવાના સંદર્ભમાં, અરજદારે એચડીએફસી બેંકને સંપૂર્ણ અરજી પત્રક અને અરજી પત્રક સાથે એચડીએફસી બેંક દ્વારા માગવામાં આવેલ જરૂરી માહિતી/ડૉક્યુમેન્ટ્સ રજૂ કરવાના રહેશે, જેમાં, મર્યાદા વિના, એચડીએફસી બેંક દ્વારા જરૂરી માહિતી અને ડૉક્યુમેન્ટ્સનો સમાવેશ થાય છે જે વ્યક્તિ,જેને પ્રિપેઈડ કાર્ડ જારી કરવાની જરૂર છે તેના સંદર્ભમાં જરૂરી હોય.

3.2 અરજદારે, ઉપરોક્ત ફકરા ૩.૧ મુજબ અરજી પત્રક અને ડૉક્યુમેન્ટ્સ સબમિટ કરતી વખતે, કાર્ડધારકને જારી કરવામાં આવનાર પ્રિપેઈડ કાર્ડ પર લોડ કરવામાં આવનાર રકમની ચૂકવણી એચડીએફસી બેંક દ્વારા આ સંદર્ભમાં નિર્ધારિત પ્રક્રિયા

અને લાગુ કાયદા (મર્યાદા વિના, પીપીઆઈ માસ્ટર દિશાનિર્દેશો સહિત) અનુસાર કરવાની રહેશે.

3.3 એચડીએફસી બેંક, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી અને આ નિયમો અને શરતો તથા એચડીએફસી બેંક દ્વારા સમયાંતરે ઉલ્લેખિત અન્ય ઔપચારિકતાઓની પરિપૂર્ણતાને આધીન, કાર્ડધારકને પ્રિપેઈડ કાર્ડ જારી કરી શકે છે. અરજદાર સ્વીકારે છે અને સંમત થાય છે કે પ્રિપેઈડ કાર્ડ જારી કરવાનો એકમાત્ર વિશેષાધિકાર એચડીએફસી બેંકનો રહેશે અને આ નિયમો અને શરતોમાં સમાવિષ્ટ કંઈપણ (મર્યાદા વિના, અરજી પત્રક રજૂ કરવા અને/અથવા ઉપરોક્ત ફકરા ૩.૨ ની દ્રષ્ટિએ પ્રિપેઈડ કાર્ડ પર રકમ લોડ કરવા સહિત) નું કોઈપણ કાર્ડધારકને પ્રિપેઈડ કાર્ડ જારી કરવા માટે એચડીએફસી બેંકને ફરજ પાડવા તરીકે અર્થઘટન કરવું જોઈએ નહીં.

3.4 જો અરજદાર દ્વારા કરવામાં આવેલી અરજી એચડીએફસી બેંક દ્વારા નકારવામાં આવે, તો અરજદાર દ્વારા ચૂકવવામાં આવેલી રકમ (જો કોઈ હોય તો) એચડીએફસી બેંક દ્વારા પરત કરવામાં આવશે અને તે રકમ એચડીએફસી બેંકને જે ખાતામાંથી ચૂકવવામાં આવી હતી તે જ ખાતામાં જમા કરવામાં આવશે.

4. પ્રિપેઈડ કાર્ડનું સક્રિયકરણ

4.1 કાર્ડધારક અને અરજદાર આથી સ્વીકારે છે અને સંમત થાય છે કે પ્રિપેઈડ કાર્ડ, તેના જારી થયાની તારીખે, નિષ્ક્રિય સ્વરૂપમાં હશે અને ઉપરોક્ત ફકરા ૩.૨ ની શરતોમાં પ્રિપેઈડ કાર્ડ પર લોડ થયેલ મૂલ્યનો ઉપયોગ ત્યાં સુધી થશે નહીં જ્યાં સુધી પ્રિપેઈડ કાર્ડ આ શરતો મુજબ સક્રિય કરવામાં આવતું નથી.

4.2 આ પ્રિપેઈડ કાર્ડ આ શરતોને આધીન સક્રિય થશે: (a) કાર્ડધારક અને અરજદાર દ્વારા એચડીએફસી બેંક (અને/અથવા તેના વ્યાપાર સંવાદદાતાઓ/પેટા-કોન્ટ્રાક્ટરો) ને એચડીએફસી બેંક 'તમારા ગ્રાહકને જાણો' (**"કેવાયસી"**) તપાસ તેમજ એચડીએફસી બેંક દ્વારા જરૂરી અન્ય કોઈપણ ડૉક્યુમેન્ટ્સ રજૂ કરવાની જરૂર પડી શકે; (b) એચડીએફસી બેંક દ્વારા કાર્ડધારક અને અરજદારના સંબંધમાં કેવાયસી તપાસની સફળતાપૂર્વક પૂર્ણતા; અને (c) કાર્ડધારક વેબ ફોર્મ અથવા વેબ લિંક ઍક્સેસ કરે અને પ્રિપેઈડ કાર્ડની પ્રાપ્તિની પુષ્ટિ કરે અને એચડીએફસી બેંકને આ સંદર્ભમાં જરૂરી માહિતી અને ડૉક્યુમેન્ટ્સ પ્રદાન કરે.

4.3 અહીં સમાવિષ્ટથી જે કંઈપણ વિપરીત હોય તે છતાં, કાર્ડધારક અને અરજદાર સ્વીકારે છે અને સંમત થાય છે કે, જો કાર્ડધારક અને/અથવા અરજદાર દ્વારા પૂરા પાડવામાં આવેલ કેવાયસીમાં કોઈ વિસંગતતા હોય અને/અથવા કાર્ડધારક અને/અથવા અરજદાર દ્વારા આ નિયમો અને શરતો, કેવાયસી માર્ગદર્શિકા અને/અથવા પીપીઆઈ માસ્ટર દિશાનિર્દેશોનું પાલન ન થાય, તો એચડીએફસી બેંક, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, પ્રિપેઈડ કાર્ડને તાત્કાલિક રદ/સસ્પેન્ડ/બ્લોક કરવા માટે હકદાર રહેશે અને આ સંદર્ભમાં કાર્ડધારક અને/અથવા અરજદારને થતી કોઈપણ અસુવિધા માટે જવાબદાર રહેશે નહીં.

5. પ્રિપેઈડ કાર્ડ પુન:લોડ કરવું

5.1 કાર્ડધારક અને અરજદાર પ્રિપેઈડ કાર્ડ્સ પર મૂલ્ય પુન:લોડ કરવા માટે એચડીએફસી બેંક દ્વારા નિર્ધારિત જરૂરી પ્રક્રિયા અને કાર્યવાહીઓ તથા લાગુ કાયદાની બધી લાગુ આવશ્યકતાઓ (મર્યાદા વિના, પીપીઆઈ માસ્ટર દિશાનિર્દેશો સહિત) નું પાલન કરવા સંમત થાય છે.

5.2 અરજદાર અને/અથવા કાર્ડધારક https://securepayments.payu.in/hdfcforex-home પર જઈને પ્રિપેઈડ કાર્ડ લોડ/પુનઃલોડ કરાવી શકે છે. પ્રિપેઈડ કાર્ડને એવી રીતે પુનઃલોડ કરાવવાની મંજૂરી આપવામાં આવશે જેથી કાર્ડ બેલેન્સ પીપીઆઈ માસ્ટર દિશાનિર્દેશો હેઠળ પ્રિપેઈડ કાર્ડના આવા પ્રકાર માટે નિર્ધારિત મર્યાદા કરતાં વધુ ન હોય.

6. કાર્ડધારક દ્વારા પ્રિપેઈડ કાર્ડ્સનો ઉપયોગ

6.1 કાર્ડધારક અને અરજદાર સ્વીકારે છે અને સંમત થાય છે કે:

(a) પ્રિપેઈડ કાર્ડ ફક્ત ભારતમાં અને ફક્ત ભારતીય ચલણમાં ચૂકવણી કરવાના સંદર્ભમાં માન્ય છે;

(a) પ્રિપેઈડ કાર્ડ કોઈપણ સંજોગોમાં હસ્તાંતરિત કરી શકાતું નથી અને તે એચડીએફસી બેંકની મિલકત છે;

(c) કાર્ડધારક કોઈપણ સમયે ઉપલબ્ધ કાર્ડ બેલેન્સની હદ સુધી જ પ્રિપેઈડ કાર્ડનો ઉપયોગ કરી શકશે;

(d) કાર્ડ બેલેન્સ પર એચડીએફસી બેંક દ્વારા કોઈ વ્યાજ ચૂકવવાપાત્ર રહેશે નહીં;

(e) કાર્ડધારક અને અરજદારે લાગુ પડતા બધા કાયદાનું પાલન કરવું પડશે.

6.2 પ્રિપેઈડ કાર્ડનો ઉપયોગ આ નિયમો અને શરતો તથા એચડીએફસી બેંક દ્વારા સમયાંતરે પ્રિપેઈડ કાર્ડના સંબંધમાં આપવામાં આવતી તમામ નીતિઓ, માર્ગદર્શિકાઓ અને સૂચનાઓ દ્વારા સંચાલિત થશે. દરેક વખતે જ્યારે કાર્ડધારક પ્રિપેઈડ કાર્ડનો ઉપયોગ વ્યવહાર કરવા માટે કરે છે, ત્યારે કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે કાર્ડ બેલેન્સ વ્યવહારના મૂલ્ય જેટલું ઘટશે. કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે અહીં સમાવિષ્ટથી વિપરીત કંઈપણ હોવા છતાં, એચડીએફસી બેંક, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, કોઈપણ કારણ આપ્યા વિના, આવા વ્યવહાર પૂર્ણ કરવા માટે પૂરતું કાર્ડ બેલેન્સ હોવા છતાં, પ્રિપેઈડ કાર્ડના ઉપયોગ દ્વારા કરવા ઈચ્છિત કોઈપણ વ્યવહારની ચૂકવણી કરવાનો ઈનકાર કરી શકે છે. પ્રિપેઈડ કાર્ડ એચડીએફસી બેંકના એટીએમના બધા ઓટોમેટેડ ટેલર મશીનો પર અથવા ભારતમાં વિસા/માસ્ટર/રૂપે નેટવર્કના સભ્યો હોય તેવી અન્ય બેંકોના ઓટોમેટેડ ટેલર મશીનો પર સ્વીકાર્ય છે.

6.3 કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે પ્રિપેઈડ કાર્ડના સંદર્ભમાં આપવામાં આવેલ વ્યવહાર ચોક્કસ વ્યક્તિગત ઓળખ નંબર ("**કાર્ડ પિન**") પ્રીપેડ કાર્ડ પર દરેક વ્યવહાર (ઓટોમેટેડ ટેલર મશીનોમાંથી ઉપાડ કરવા માટેના વ્યવહારો સિવાય) ને અસરકારક બનાવવા અને પ્રમાણિત કરવા માટે જરૂરી છે અને એટીએમમાંથી ઉપાડ કરવા માટે ઓટોમેટેડ ટેલર મશીનો ("**એટીએમ પિન**") માંથી ઉપાડ કરવા માટે આપવામાં આવેલ વ્યક્તિગત ઓળખ નંબર ("**કાર્ડ પિન**") જરૂરી છે (કાર્ડ પિન અને એટીએમ પિનને હવે પછી સામૂહિક રીતે "**પિન**" તરીકે ઓળખવામાં આવશે). પિન ફક્ત કાર્ડધારકને જ જારી કરવામાં આવશે. કાર્ડધારકે તમામ પિન ગોપનીય અને સારી રીતે સુરક્ષિત રાખવા પડશે અને તેને કોઈપણ વ્યક્તિ, જેમાં એચડીએફસી બેંકના કોઈપણ કર્મચારીઓ અને પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે, સમક્ષ જાહેર કરવો જોઈએ નહીં. જો કાર્ડધારક દ્વારા કોઈપણ તૃતીય પક્ષોને આવા પિન જાહેર કરવામાં આવે અને/અથવા આવા પિન મેળવનાર વ્યક્તિ દ્વારા પ્રિપેઈડ કાર્ડનો દુરુપયોગ કરવામાં આવે તો, એચડીએફસી બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે, કોઈપણ સમયે, એચડીએફસી બેંક માટે કાર્ડધારકે વ્યવહારોને પ્રમાણિત કરવા માટે અન્ય તકનીકોનું પાલન કરવાની જરૂર પડી શકે છે અને કાર્ડધારક સંમત થાય છે અને એચડીએફસી બેંકને આ સંદર્ભમાં જરૂરી હોય તેવા તમામ કૃત્યો, કાર્યો અને વસ્તુઓ કરવા માટે બાંયધરી આપે છે.

6.4 કાર્ડધારકે નીચેની બાબતો સુનિશ્ચિત કરવી જોઈએ:

(a) પ્રિપેઈડ સુરક્ષિત જગ્યાએ રાખવામાં આવે છે;

(b) પ્રિપેઈડ કાર્ડનો ઉપયોગ અન્ય કોઈ વ્યક્તિ દ્વારા કરવાની મંજૂરી નથી;

(c) પ્રિપેઈડ કાર્ડ પ્રાપ્ત થયા પછી તરત જ તેના પાછળના ભાગમાં સહી કરવામાં આવે છે;

(d) પિન ક્યારેય કોઈ વ્યક્તિને જાહેર કરવામાં આવતો નથી અથવા એવી જગ્યાએ લખવામાં આવતો નથી જ્યાં કોઈ અન્ય વ્યક્તિ તેને શોધી શકે;

(f) હોટલમાં ચેક-ઈન દરમિયાન અને ખરીદી વ્યવહાર અથવા સેવા પૂર્ણ થાય તે પહેલાં ચુકવણીની વ્યવસ્થા કરવામાં આવતી હોય તેવા અન્ય સ્થળોએ પ્રિપેઈડ કાર્ડનો ઉપયોગ કરવામાં આવતો નથી. પ્રિપેઈડ કાર્ડનો ઉપયોગ કોઈપણ મેઈલ ઓર્ડર/ફોન ઓર્ડર ખરીદીઓ માટે પણ થવો જોઈએ નહીં;

(g) અરજી પત્રકમાં ઉલ્લેખિત સરનામે પ્રિપેઈડ કાર્ડ/પિન (નો) પહોંચાડ્યા પછી, પ્રિપેઈડ કાર્ડ પર કોઈપણ દુરુપયોગની જવાબદારી કાર્ડધારકની રહેશે, એચડીએફસી બેંકની નહીં.

6.5 કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે એચડીએફસી બેંક, સમય સમય પર, તેની આંતરિક નીતિ અનુસાર, કોઈપણ ચોક્કસ દિવસે અથવા અન્ય આવર્તનમાં થઈ શકે તેવા વ્યવહારોની રકમ પર નાણાકીય હદ/મર્યાદા નક્કી કરી શકે છે. કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે એકવાર આવી મર્યાદાઓ ઓળંગાઈ જાય પછી, એચડીએફસી બેંક કોઈપણ વ્યવહાર પર પ્રક્રિયા કરવાનો ઈનકાર કરવાને હકદાર રહેશે, ચાહે કાર્ડધારકને અગાઉ આવી મર્યાદાઓની જાણ કરવામાં આવી હોય કે ન હોય. કાર્ડધારક એચડીએફસી બેંક દ્વારા સમયાંતરે જરૂરી વિગતો આપીને લાભાર્થીઓની નોંધણી પણ કરાવી શકે છે અને એચડીએફસી બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવેલી રીતે પ્રિપેઈડ કાર્ડ પર પોતાની ફંડ ટ્રાન્સફર મર્યાદા નક્કી કરી શકે છે, જે લાગુ કાયદા અને એચડીએફસી બેંકની આંતરિક નીતિઓ અને પ્રક્રિયાઓને આધીન છે.

6.6 કાર્ડધારકને ઉપલબ્ધ કાર્ડ બેલેન્સ કરતાં વધુ રકમ લેવાની મંજૂરી નથી, પછી ભલે તે વ્યક્તિગત વ્યવહાર દ્વારા હોય કે શ્રેણીબદ્ધ વ્યવહારો દ્વારા. કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે જો કાર્ડધારક કોઈ એવો વ્યવહાર કરવાનો પ્રયાસ કરે છે જ્યાં ચૂકવવાપાત્ર રકમ કાર્ડ બેલેન્સ કરતાં વધુ છે, તો કાર્ડધારક તેવું કરી શકશે નહીં. કોઈપણ સંજોગોમાં, જો, કોઈપણ કારણોસર, કોઈ વ્યવહાર સ્વીકારવામાં આવે છે જ્યાં રકમ કાર્ડ બેલેન્સ કરતાં વધી જાય છે અને પરિણામે નેગેટિવ કાર્ડ બેલેન્સનું નિર્માણ થાય છે, કાર્ડધારક આવા નેગેટિવ કાર્ડ બેલેન્સની રકમ માટે એચડીએફસી બેંકને સંપૂર્ણપણે જવાબદાર રહેશે અને એચડીએફસી બેંક દ્વારા સમય સમય પર, નેગેટિવ કાર્ડ બેલેન્સ બન્યાની તારીખથી આવા નાણાંની વાસ્તવિક ચુકવણીની તારીખ સુધી, નિર્ધારિત દરે વ્યાજ સાથે એચડીએફસી બેંકને તાત્કાલિક ચુકવણી કરશે.

6.7 કરવામાં આવેલ કોઈપણ વ્યવહાર એ વાતનો નિર્ણાયક પુરાવો હશે કે આવા વ્યવહાર માટે નોંધાયેલ શુલ્ક ખરેખર કાર્ડધારક દ્વારા પ્રિપેઈડ કાર્ડનો ઉપયોગ કરીને લેવામાં આવ્યો હતો.

6.8 કાર્ડધારકે સુનિશ્ચિત કરવું જોઈએ કે દરેક ખરીદી માટે પ્રીપેડ કાર્ડનો ઉપયોગ વેપારી સ્થાન/વેબસાઈટ પર ફક્ત એક જ વાર કરવામાં આવે છે. વેપારી સ્થાપના તરફથી પ્રાપ્ત થયેલ કોઈપણ શુલ્ક અથવા અન્ય ચુકવણીની વિનંતી એ નિર્ણાયક પુરાવો હશે કે નોંધાયેલ શુલ્ક કાર્ડધારક દ્વારા યોગ્ય રીતે ખર્ચ કરવામાં આવ્યો હતો, સિવાય કે જ્યાં પ્રિપેઈડ કાર્ડ ખોવાઈ, ચોરાઈ ગયું હોય અથવા કપટથી દુરુપયોગ કરવામાં આવ્યો હોય, તેના પુરાવાનો ભાર કાર્ડધારક પર રહેશે.

6.9 કોઈપણ વેપારી/ઉપકરણ ભૂલ અથવા સંદેશાવ્યવહાર લિંકમાં ભૂલને કારણે થયેલા તમામ રિફંડ અને સમાયોજનો પર મેન્યુઅલી પ્રક્રિયા કરવામાં આવશે અને યોગ્ય ચકાસણી પછી તેમજ લાગુ પડતા સંબંધિત કાર્ડ નેટવર્ક નિયમો અને વિનિયમો

અનુસાર ખાતામાં જમા કરવામાં આવશે. કાર્ડધારક સંમત થાય છે કે આ સમય દરમિયાન પ્રાપ્ત થયેલ કોઈપણ ડેબિટ આ રિફંડને ધ્યાનમાં લીધા વિના ફક્ત પ્રિપેઈડ કાર્ડમાં ઉપલબ્ધ બેલેન્સના આધારે જ ચૂકવવામાં આવશે.

6.10 કાર્ડધારક દ્વારા પ્રાપ્ત માલ અને સેવાઓ સંબંધિત કોઈપણ વિવાદો માટે એચડીએફસી બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં, જેમાં ગુણવત્તા, મૂલ્યની વોરંટી, ડિલિવરીમાં વિલંબ, ડિલિવરી ન થવી, કોઈપણ માલ અથવા સેવાઓની પ્રાપ્તિ ન થવી વગેરેનો સમાવેશ થાય છે. એ સ્પષ્ટપણે સમજવું જોઈએ કે પ્રિપેઈડ કાર્ડ એ કાર્ડધારક માટે ફક્ત સુવિધાઓ મેળવવાની સગવડ છે અને એચડીએફસી બેંક કોઈ વોરંટી આપતી નથી કે ગુણવત્તા, જથ્થો, મૂલ્ય, ડિલિવરી અથવા અન્યથા, માલ અથવા સેવાઓ અંગે કોઈ રજૂઆત કરતી નથી, અને આવા કોઈપણ વિવાદોનો ઉકેલ કાર્ડધારક દ્વારા સીધા વેપારી સાથે જ લાવવો જોઈએ.

7. ખોવાયેલ અથવા ચોરાયેલ પ્રિપેઈડ કાર્ડ

7.1 જો આ પ્રિપેઈડ કાર્ડ ખોવાઈ કે ચોરાઈ જાય છે, તો કાર્ડધારકે તાત્કાલિક કસ્ટમર કેરને ટેલિફોન પર આવા નુકસાન/ચોરીની જાણ કરવી જોઈએ. આવી કોઈપણ સૂચના પ્રાપ્ત થયા પછી, એચડીએફસી બેંક, કાર્યકારી દિવસે કામકાજના કલાકો દરમિયાન, કાર્ડધારકની પૂરતી ચકાસણી પછી, પ્રીપેડ કાર્ડને હોટલિસ્ટ/રદ/સસ્પેન્ડ/બ્લોક કરશે અને તેના સંબંધમાં બધી સુવિધાઓ સમાપ્ત કરશે તથા આ સંદર્ભમાં કાર્ડધારકને થયેલી કોઈપણ અસુવિધા માટે જવાબદાર રહેશે નહીં. જ્યાં સુધી પ્રિપેઈડ કાર્ડ ખોવાઈ/ચોરાઈ ગયાની જાણ કરવામાં આવતી નથી ત્યાં સુધી પ્રિપેઈડ કાર્ડ પર લાગતા તમામ શુલ્ક માટે કાર્ડધારક જવાબદાર રહેશે. વધુમાં, જો એચડીએફસી બેંક નક્કી કરે કે ઉપરોક્ત પગલાંઓનું પાલન કરવામાં આવ્યું નથી, તો ખોવાયેલા અથવા ચોરાયેલા પ્રિપેઈડ કાર્ડની નાણાકીય જવાબદારી સંપૂર્ણપણે કાર્ડધારકની રહેશે. પ્રિપેઈડ કાર્ડ પર થયેલા વ્યવહાર(રો) ની જાણ કરવાના સમય અથવા ખોવાયેલા/ચોરાયેલા પ્રીપેડ કાર્ડ સંબંધિત કોઈપણ અન્ય બાબત સંબંધિત કોઈપણ વિવાદના કિસ્સામાં, એચડીએફસી બેંકનો નિર્ણય નિર્ણાયક અને કાર્ડધારક માટે બંધનકર્તા રહેશે.

8. પ્રિપેઈડ કાર્ડનું સરેન્ડર

8.1 કાર્ડધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે એચડીએફસી બેંક કોઈપણ સમયે, આવા પ્રિપેઈડ કાર્ડની માન્યતા અવધિ સમાપ્ત થાય તે પહેલાંના સમય સહિત, આ પ્રિપેઈડ કાર્ડના સરેન્ડરની માંગણી કરવા માટે હકદાર રહેશે. કાર્ડધારક, આવી માંગણી કરવામાં આવે ત્યારે તરત જ, આ સંદર્ભમાં એચડીએફસી બેંક દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર સંબંધિત પ્રિપેઈડ કાર્ડ સરેન્ડર કરશે.

8.2 કોઈપણ કાર્ડધારકના મૃત્યુના કિસ્સામાં, એચડીએફસી બેંક તેની જાણ થવા પર આ પ્રિપેઈડ કાર્ડ રદ કરશે.

9. માન્યતા

9.1 નીચે આપેલા ફકરા 9.2 ને આધીન, આ પ્રિપેઈડ કાર્ડ્સ તેને જારી કર્યાની તારીખથી 5 (પાંચ) વર્ષ સુધી માન્ય રહેશે.

9.2 અહીં સમાવિષ્ટથી કંઈપણ વિપરીત હોવા છતાં, એચડીએફસી બેંક કોઈપણ સમયે, કાર્ડધારકને અને/અથવા અરજદારને સૂચના આપીને અથવા આપ્યા વિના, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, આ પ્રિપેઈડ કાર્ડને સમાપ્ત/નિષ્ક્રિય કરવા માટે હકદાર રહેશે.

9.3 વિનંતી કરવામાં આવે તો, કાર્ડધારક એચડીએફસી બેંક અથવા તેના પ્રતિનિધિને આ પ્રિપેઈડ કાર્ડ સરેન્ડર કરી દેવા માટે સંમત થાય છે અને આવા પ્રિપેઈડ કાર્ડની સમાપ્તિ/નિષ્ક્રિયકરણ પછી આ પ્રિપેઈડ કાર્ડનો ઉપયોગ કરશે નહીં અથવા તેનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરશે નહીં.

9.4 કાર્ડધારક, કોઈપણ સમયે, કસ્ટમર કેરનો સંપર્ક કરીને અને આ સંદર્ભમાં એચડીએફસી બેંકની નીતિઓ અને માર્ગદર્શિકા અનુસાર જરૂરી ડૉક્યુમેન્ટ્સ જમા કરીને આ પ્રિપેઈડ કાર્ડના નિષ્ક્રિયકરણ માટે વિનંતી કરી શકે છે. કાર્ડધારક એવા ખાતા/પ્રિપેઈડ ઈન્સ્ટ્રુમેન્ટની વિગતો પણ આપી શકે છે જ્યાં આવા નિષ્ક્રિયકરણ/સમાપ્તિ પર એચડીએફસી બેંક કાર્ડ બેલેન્સ ટ્રાન્સફર કરી શકે છે, જો કે આ ટ્રાન્સફર લાગુ કાયદા અને એચડીએફસી બેંકની આંતરિક નીતિઓ અને પ્રક્રિયાઓને આધીન રહીને કરવામાં આવશે.

9.5 કાર્ડધારક સંમત થાય છે અને પુષ્ટિ આપે છે કે કોઈપણ દાવો ન કરાયેલ બેલેન્સ રકમ ભારતીય રિઝર્વ બેંકની માર્ગદર્શિકા અનુસાર ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડ સ્કીમમાં ટ્રાન્સફર કરવામાં આવશે.

10. સ્ટેટમેન્ટ્સ અને રેકોર્ડ્સ

10.1 એચડીએફસી બેંક દ્વારા પ્રિપેઈડ કાર્ડ/વ્યવહારો (આ નિયમો અને શરતો અનુસાર કરવામાં આવેલી અથવા પ્રાપ્ત થયેલી ચૂકવણીઓની વિગતો સહિત, મર્યાદા વિના) ના સંદર્ભમાં ઈલેક્ટ્રોનિક અથવા ડૉક્યુમેન્ટ સ્વરૂપમાં જાળવવામાં આવેલા તમામ રેકોર્ડ્સ, કાર્ડધારક અને અરજદાર વિરુદ્ધ નિર્ણાયક પુરાવા તરીકે ગણવામાં આવશે.

10.2 એચડીએફસી બેંક કોઈપણ કાર્ડધારકને કોઈપણ વ્યવહારના સંદર્ભમાં ટ્રાન્ઝેક્શન સ્લિપો અને/અથવા પ્રિપેઈડ કાર્ડના સંદર્ભમાં કોઈપણ સ્ટેટમેન્ટ્સની નકલો પ્રદાન કરવા માટે જવાબદાર રહેશે નહીં અને કાર્ડધારકને ફક્ત એચડીએફસી બેંકમાં કાર્ડધારક દ્વારા નોંધાયેલા મોબાઈલ નંબર પર શોર્ટ મેસેજ સર્વિસ મેસેજ દ્વારા/એચડીએફસી બેંકમાં કાર્ડધારક દ્વારા નોંધાયેલા ઈ-મેલ એડ્રેસ પર ઈલેક્ટ્રોનિક મેઇલ દ્વારા ચેતવણીઓ પ્રાપ્ત થશે.

10.3 કાર્ડધારક આથી પ્રિપેઈડ કાર્ડ્સના સંદર્ભમાં કાર્ડધારકને મોકલવામાં આવતા ભૌતિક સ્ટેટમેન્ટ્સ પ્રાપ્ત ન કરવા સંમત થાય છે અને એ કે પ્રીપેડ કાર્ડના સંદર્ભમાં સ્ટેટમેન્ટ્સ એચડીએફસી બેંક દ્વારા કાર્ડધારક દ્વારા એચડીએફસી બેંકમાં નોંધાયેલા ઈ-મેલ સરનામાં પર પ્રદાન કરવામાં આવશે. કાર્ડધારક સમજે છે કે ઈ-મેલ સ્ટેટમેન્ટ્સ કાર્ડધારકની સુવિધા માટે છે. એચડીએફસી બેંક ગોપનીયતાના કોઈપણ ભંગ માટે જવાબદાર રહેશે નહીં કારણ કે સ્ટેટમેન્ટ્સ રજિસ્ટર્ડ ઈમેલ આઈડી પર મોકલવામાં આવી રહ્યા છે. કાર્ડધારકે પ્રાપ્ત થયેલા ઈલેક્ટ્રોનિક મેઈલની અધિકૃતતા ચકાસવી પડશે. કાર્ડધારક અને/અથવા અરજદાર છેતરપિંડી કરનારાઓ/ઢોંગીઓ તરફથી પ્રાપ્ત થયેલા કોઈપણ સ્ટેટમેન્ટ માટે એચડીએફસી બેંકને જવાબદાર ઠેરવશે નહીં. જો એચડીએફસી બેંક તરફથી સ્ટેટમેન્ટ્સ મેળવવાને કારણે કાર્ડધારકના કમ્પ્યુટર નેટવર્કમાં કોઈ સમસ્યા ઊભી થાય તો કાર્ડધારક અને/અથવા અરજદાર એચડીએફસી બેંકને જવાબદાર ગણશે નહીં. જો એચડીએફસી બેંકને આપવામાં આવેલી માહિતીમાં કોઈ ફેરફાર થાય તો કાર્ડધારકે એચડીએફસી બેંકને લેખિતમાં જાણ કરવી પડશે. જો ખોટા ઈમેલ એડ્રેસ અને ટેકનિકલ કારણોસર કાર્ડધારકને સ્ટેટમેન્ટ મળતું નથી તો એચડીએફસી બેંક જવાબદાર રહેશે નહીં.

11. ક્ષતિપૂર્તિ

11.1 એચડીએફસી બેંક દ્વારા કાર્ડધારકને પ્રિપેઈડ કાર્ડ પ્રદાન કરવાની વિચારણા હેઠળ, કાર્ડધારક અને અરજદાર વ્યક્તપણે અને સ્પષ્ટપણે સંમત થાય છે કે એચડીએફસી બેંક અને તેના અધિકારીઓ, ડિરેક્ટરો, કર્મચારીઓ, શેરધારકો, એજન્ટો, સલાહકારો

અને અન્ય પ્રતિનિધિઓ, કોઈપણ સમયે, પ્રિપેઈડ કાર્ડની જોગવાઈના પરિણામે અથવા તેના કારણે ઉદ્ભવતા કોઈપણ પ્રકારના કૃત્યો, દાવાઓ, મુકાદમાઓ, માંગણીઓ, કાર્યવાહીઓ, નુકસાન, હાનિ, વ્યક્તિગત ઈજા, ખર્ચ, શુલ્ક અને ખર્ચાઓથી અને તેમની વિરુદ્ધ નુકસાની ભરપાઈ કરશે, બચાવ કરશે અને નુકસાનમુક્ત રહેશે, જેમાં મર્યાદા વિના, નીચેના કિસ્સાઓમાં સામેલ છે: (a) કાર્ડધારક અને/અથવા અરજદારની બેદરકારી, ભૂલ અથવા ગેરવર્તણૂક; (b) કાર્ડધારક અને/અથવા અરજદાર દ્વારા આ નિયમો અને શરતો અથવા કોઈપણ લાગુ કાયદાનો ભંગ અથવા પાલન ન કરવું; (c) પ્રિપેઈડ કાર્ડ જારી કરવા/ઉપયોગ કરવા અને/અથવા કોઈપણ વ્યવહારના સંબંધમાં અથવા તેના સંબંધમાં એચડીએફસી બેંક સામે કોઈપણ તૃતીય પક્ષ દ્વારા કરવામાં આવેલ કોઈપણ દાવો અથવા કાર્યવાહી; (d) કાર્ડધારક અને/અથવા અરજદારની સૂચના પર એચડીએફસી બેંક, તેના અધિકારીઓ, કર્મચારીઓ અથવા એજન્ટો દ્વારા લેવામાં આવેલ કોઈપણ અથવા લેવાનું છોડી દેવામાં આવેલ કોઈપણ કાર્યવાહી; અને/અથવા (e) કાર્ડધારક દ્વારા કોઈપણ વ્યવહાર સંબંધિત છેતરપિંડી અથવા અપ્રમાણિકતા.

12. જવાબદારીમાંથી બાકાત

12.1 આ નિયમો અને શરતોની કોઈપણ અન્ય જોગવાઈઓ પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, એચડીએફસી બેંક કાર્ડધારક અને/અથવા અરજદારને આ નિયમો અને શરતોના સંબંધમાં કોઈપણ અથવા કોઈપણ રીતે થયેલા અથવા ઉદ્ભવતા કોઈપણ નુકસાન અથવા હાનિ માટે જવાબદાર રહેશે નહીં, જેમાં મર્યાદા વિના, નીચેનામાંથી ઉદ્ભવતા કોઈપણ નુકસાન અથવા હાનિનો સમાવેશ થાય છે: (a) કોઈપણ વ્યક્તિ દ્વારા પ્રિપેઈડ કાર્ડની ચૂકવણી કરવાનો અથવા સ્વીકારવાનો ઈનકાર; (b) પ્રિપેઈડ કાર્ડ સોંપતી વખતે કાર્ડધારક અથવા અરજદાર દ્વારા એચડીએફસી બેંકના પ્રતિનિધિ સિવાય અન્ય કોઈપણ વ્યક્તિને પ્રિપેઈડ કાર્ડ સોંપવું; અને/અથવા (c) કાર્ડધારકને પ્રિપેઈડ કાર્ડની ઍક્સેસ અને/અથવા ઉપયોગમાં કોઈપણ અવરોધ અથવા રોક.

13. શુલ્ક

13.1 એચડીએફસી બેંક પ્રિપેઈડ કાર્ડના ઉપયોગ માટે ફી અને અન્ય શુલ્ક વસૂલવા માટે હકદાર રહેશે, જે શુલ્ક એચડીએફસી બેંક દ્વારા કાર્ડધારક અને અરજદાર માટે સમયાંતરે બેંકની વેબસાઈટ પર નક્કી કરવામાં આવશે. કાર્ડધારક અને અરજદાર આ રીતે આવા શુલ્ક ચૂકવવા માટે સંમત થાય છે.

13.2 પ્રિપેઈડ કાર્ડના ઉપયોગના પરિણામે ચૂકવવાપાત્ર કોઈપણ સરકારી શુલ્ક, ડ્યુટી, ડેબિટ અથવા ટેક્સ ફક્ત કાર્ડધારક/અરજદાર દ્વારા જ ભોગવવામાં આવશે અને જો તે એચડીએફસી બેંક (સીધા કે પરોક્ષ રીતે) પર લાદવામાં આવે છે, તો કાર્ડધારક/અરજદાર આથી આવા શુલ્ક ચૂકવવા સંમત થાય છે.

13.3 કાર્ડધારક/અરજદારની પ્રિપેઈડ કાર્ડ અને તેના ઉપયોગના સંદર્ભમાં ચૂકવવાપાત્ર ફી, શુલ્ક, ડ્યુટી અથવા કર ચૂકવવાની જવાબદારીને પૂર્વગ્રહ રાખ્યા વિના, એચડીએફસી બેંક કાર્ડધારક/અરજદાર પાસેથી એચડીએફસી બેંકને બાકી રહેલી બધી રકમ, મર્યાદા વિના, ઉપરોક્ત કલમ 13.1 અને કલમ 13.2 મુજબ ચૂકવવાપાત્ર રકમ, ઉપલબ્ધ કાર્ડ બેલેન્સ ડેબિટ કરીને અને/અથવા કાર્ડધારક/અરજદારના ખાતા અને/અથવા અન્ય કોઈપણ ખાતામાંથી બાકી રહેલી રકમ ડેબિટ કરીને વસૂલ કરવા માટે હકદાર રહેશે.

14. વિવાદો

14.1 કાર્ડધારક દ્વારા પ્રિપેઈડ કાર્ડનો ઉપયોગ કરીને ખરીદેલા માલ અને સેવાઓ સંબંધિત કોઈપણ વિવાદ માટે એચડીએફસી બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં, જેમાં મર્યાદા વિના, ગુણવત્તા, મૂલ્ય, વોરંટી, ડિલિવરીમાં વિલંબ, ડિલિવરી ન થવી,

કોઈપણ માલ અથવા સેવાઓની પ્રાપ્તિ ન થવી સામેલ છે. પ્રિપેઈડ કાર્ડ એ કાર્ડધારક માટે વેપારીઓને ચૂકવણી કરવા માટે ઉપલબ્ધ એક માધ્યમ છે અને કાર્ડધારક દ્વારા ખરીદેલા માલ અથવા સેવા સંબંધિત કોઈપણ વિવાદો, જે કોઈપણ કારણોસર ઉદ્ભવે છે, તેને કાર્ડધારક દ્વારા સીધા વેપારી સાથે ઉકેલવા જોઈએ અને એચડીએફસી બેંકની તેના સંદર્ભમાં કોઈ દાયિત્વ કે જવાબદારી રહેશે નહીં.

14.2 એચડીએફસી બેંક કાર્ડધારક અને અરજદાર પ્રત્યે સીધા કે આડકતરી રીતે થતા કોઈપણ નુકસાન કે હાનિ માટે જવાબદાર રહેશે નહીં જે ઉદ્ભવી શકે છે: (a) કાર્ડધારક/અરજદારના મોબાઈલ ફોન નંબરના કોઈપણ અનધિકૃત ઉપયોગથી; (b) કોઈપણ અથવા બધી ચેતવણી પર કાર્યવાહી કરવામાં એચડીએફસી બેંકની કોઈપણ ભૂલ, ડિફોલ્ટ, વિલંબ અથવા અસમર્થતાને કારણે; (c) ટ્રાન્સમિશનમાં કોઈપણ માહિતી/સૂચનો/ચેતવણીઓના કોઈપણ નુકસાનથી; (d) કોઈપણ અન્ય વ્યક્તિ દ્વારા કોઈપણ અનધિકૃત ઍક્સેસ અથવા મારા દ્વારા આપવામાં આવેલી કોઈપણ માહિતી/સૂચનાઓ અથવા ગોપનીયતાના ભંગને કારણે.

14.3 જો કોઈ પણ વ્યવહારમાં કોઈ અનિયમિતતા કે વિસંગતતા હોય અથવા કાર્ડધારકને વ્યવહાર સંબંધી કોઈ પ્રશ્ન કે ફરિયાદ હોય, તો કાર્ડધારકે કોઈપણ વ્યવહાર થયાના 45 (પસ્તાલીસ) દિવસની અંદર કસ્ટમર કેરનો સંપર્ક કરીને એચડીએફસી બેંકને જાણ કરવી જોઈએ. જો એચડીએફસી બેંકને કોઈપણ વ્યવહાર થયાના 45 (પસ્તાલીસ) દિવસની અંદર કોઈ વિપરીત માહિતી પ્રાપ્ત ન થાય, તો તે માની લેવા અને આગળ વધવાનો અધિકાર ધરાવે છે કે સંબંધિત વ્યવહાર(રો) કોઈપણ અનિયમિતતા/વિસંગતતા વિના કરવામાં આવ્યો હતો/આવ્યા હતા.

14.4 આ નિયમો અને શરતોના સંદર્ભમાં કાર્ડધારક અને/અથવા અરજદાર દ્વારા ઉઠાવવામાં આવેલી કોઈપણ ફરિયાદ/પ્રશ્નના સંદર્ભમાં, કાર્ડધારક અને/અથવા અરજદારે એચડીએફસી બેંકને આ સંદર્ભમાં જરૂરી બધી માહિતી અને ડૉક્યુમેન્ટ્સ તાત્કાલિક પૂરા પાડવાનાં રહેશે.

14.5 કૃપા કરીને નોંધ લો કે એચડીએફસી બેંક તેના ગ્રાહકો પાસેથી કોઈપણ ગોપનીય માહિતી માંગતી નથી, અને તેથી કાર્ડધારક અને/અથવા અરજદારે ગોપનીય પ્રકૃતિની કોઈપણ માહિતી, મર્યાદા વિના, પાસવર્ડ્સ, યુઝર-આઈડી વગેરે સહિત, કોઈપણ વ્યક્તિ સાથે શેર કરવી જોઈએ નહીં જે તેની માંગ કરે છે. અમારી ફરિયાદ પ્રક્રિયા અંગે સંપૂર્ણ વિગતો માટે, કૃપા કરીને એચડીએફસી બેંકની વેબસાઈટનો સંદર્ભ લો.

15. માહિતીના પ્રગટીકરણ માટે સંમતિ/છૂટ

15.1 કાર્ડધારક અને અરજદાર આથી એચડીએફસી બેંક અને/અથવા તેના સહયોગીઓને કાર્ડધારક અને/અથવા અરજદારના કાર્યાલય/નિવાસસ્થાને કોઈપણ માહિતી ચકાસવા અથવા કાર્ડધારક (અને/અથવા અરજદાર)/કાર્ડધારકના નોકરીદાતા (અને/અથવા અરજદારના નોકરીદાતા)/બેંકર/ક્રેડિટ બ્યુરો/ભારતીય રિઝર્વ બેંક અથવા અન્ય કોઈપણ સ્રોતનો સંપર્ક કરવા માટે અધિકૃત કરે છે જેથી સભ્યપદની આવશ્યકતાઓની પુષ્ટિ કરવા અથવા કાર્ડધારક/અરજદારના ખાતાને સારી ક્રેડિટ સ્થિતિમાં જાળવવા માટે જરૂરી કોઈપણ માહિતી મેળવી શકાય અથવા પૂરી પાડી શકાય.

15.2 અહીં સમાવિષ્ટથી જે કંઈ પણ વિપરીત હોય તે હોવા છતાં, કાર્ડધારક અને અરજદાર એચડીએફસી બેંકને (પોતે અથવા તેના કોઈપણ સેવા પ્રદાતાઓ દ્વારા કાર્ય કરતા હોય, અને સ્વચાલિત રીતે અથવા અન્યથા) સ્પષ્ટપણે સંમતિ આપે છે અને અધિકૃત કરે છે કે તેઓ કાર્ડધારક અને/અથવા અરજદારના સંબંધમાં કોઈપણ માહિતીના સંબંધમાં, મર્યાદા વિના, કાર્ડધારક અને/અથવા અરજદાર દ્વારા રજૂ કરવામાં/અમલમાં મુકવામાં આવેલા ડૉક્યુમેન્ટ્સમાં સમાવિષ્ટ કોઈપણ માહિતી

અને/અથવા કાર્ડધારક અને/અથવા અરજદારને લગતી કોઈપણ અન્ય માહિતી અને એચડીએફસી બેંક દ્વારા એકત્રિત કરાયેલ પ્રિપેઈડ કાર્ડના ઉપયોગ, કાર્ડધારક અને/અથવા અરજદાર વિશે કોઈપણ વ્યક્તિગત ડેટા અને સંવેદનશીલ માહિતી, તમારા ગ્રાહકને જાણો સંબંધિત માહિતી, કાગળો અને ડેટા, ક્રેડિટ માહિતી, અને કાર્ડધારક અને/અથવા અરજદાર વિશેની કોઈપણ અન્ય માહિતી (સામૂહિક રીતે, "**માહિતી**") સહિત, નીચેનામાંથી કોઈપણ કરવા અને હાથ ધરવા માટે સંમતિ આપે છે.

(a) કાર્ડધારક અને/અથવા અરજદાર અને અન્ય ભૌતિક અથવા ઓનલાઈન સ્રોતો પાસેથી માહિતી એકત્રિત કરવી, જેમાં મર્યાદા વિના, ક્રેડિટ માહિતી કંપનીઓ, વેબસાઈટ્સ, ડેટા બેઝ અને ઓનલાઈન પ્લેટફોર્મ (જાહેર હોય કે ન હોય) માંથી માહિતી ઍક્સેસ કરવી, કોઈપણ સ્રોતો અને વ્યક્તિઓ પાસેથી ચકાસાયેલ માહિતીની અધિકૃતતા, ચોકસાઈ, પર્યાપ્તતા વગેરે મેળવવા માટે, જેમાં મર્યાદા વિના, ઓનલાઈન ડેટા બેઝનો સમાવેશ થાય છે; અને કાર્ડધારક અને/અથવા અરજદાર વતી માહિતી ઍક્સેસ કરવા, એકત્રિત કરવા અથવા ચકાસવા માટે કાર્ય કરવું, જેમાં મર્યાદા વિના, કાર્ડધારક અને/અથવા અરજદારના લોગ ઈન અને પાસવર્ડ ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ કરીને ઓનલાઈન પ્લેટફોર્મ પર માહિતીનો ઉપયોગ કરવો; આવા સંગ્રહ, ઍક્સેસ અને ચકાસણી કાર્ડધારક અને/અથવા અરજદારને કોઈપણ સૂચના વિના કરી શકાય છે;

(b) માહિતીનો સંગ્રહ, રચના, આયોજન, પુનઃઉત્પાદન, નકલ, ઉપયોગ, પ્રોફાઈલિંગ વગેરે દ્વારા પ્રક્રિયા કરવી, જે રીતે એચડીએફસી બેંકને યોગ્ય લાગે;

(b) કરાર માટે, કાયદા દ્વારા અથવા એચડીએફસી બેંકના પુરાવા અને દાવા હેતુઓ માટે, જે પણ લાંબો હોય તે સમયગાળા માટે માહિતીનો સંગ્રહ કરવો;

(c) કાર્ડધારક અને/અથવા અરજદારને સૂચના આપ્યા વિના સમય સમય પર માહિતી કોઈપણ અન્ય વ્યક્તિને જાહેર કરવી, વિનિમય કરવો, શેર કરવો અથવા તેમની સાથે ભાગ પાડવો, જેમાં મર્યાદા વિના, કોઈપણ કાર્ડ જારીકર્તા, ક્રેડિટ બ્યુરો, બેંકો, નાણાકીય સંસ્થાઓ, કોઈપણ શાખા, માતાપિતા/પેટાકંપની, સંલગ્ન, જૂથ કંપનીઓ અને એચડીએફસી બેંકના સહયોગીઓ, સરકારી/નિયમનકારી સત્તાધિકારી, સેવા પ્રદાતા, વ્યવસાયિક સંવાદદાતા, એજન્ટ અથવા તૃતીય પક્ષ પેટા-કોન્ટ્રાક્ટર, સલાહકારો, ક્રેડિટ માહિતી કંપનીઓ, નિયમનકારો, તપાસ એજન્સીઓ, ન્યાયિક, અર્ધ-ન્યાયિક અને વૈધાનિક સત્તાધિકારીઓનો સમાવેશ થાય છે, જે એચડીએફસી બેંક યોગ્ય ગણે છે. કાર્ડધારક અને અરજદાર આથી ગોપનીયતાના વિશેષાધિકારને છોડી દે છે.

15.3 કાર્ડધારક અને અરજદાર આથી ફરિયાદ સંબંધિત વાતચીતો અથવા ચુકવણી વસૂલાત સંબંધિત વાતચીતો અથવા એચડીએફસી બેંક યોગ્ય ગણી શકે તેવી અન્ય કોઈપણ વાતચીતના કિસ્સામાં, એચડીએફસી બેંકને તેની પોતાના વિવેકબુદ્ધિથી, કાર્ડધારક/અરજદાર અથવા કાર્ડધારક/અરજદારના પ્રતિનિધિ અને એચડીએફસી બેંકના પ્રતિનિધિ વચ્ચેની ચોક્કસ વાતચીત રેકોર્ડ કરવા માટે અધિકૃત કરે છે.

15.4 કાર્ડધારક અને અરજદાર એચડીએફસી બેંક અને/અથવા તેના એજન્ટો પાસેથી ટેલિફોન/મોબાઈલ/શોર્ટ મેસેજ સર્વિસ/ઈ-મેલ અથવા અન્ય કોઈપણ માધ્યમ દ્વારા માર્કેટિંગ/ક્રોસ-સેલિંગ હેતુઓ માટે માહિતી/સેવા મેળવવા માટે સંમતિ આપે છે. કાર્ડધારક અને અરજદાર સમજે છે કે જો કાર્ડધારક અને/અથવા અરજદાર હાલમાં કાર્ડધારક અને/અથવા અરજદાર દ્વારા ઉપલબ્ધ ન હોય તેવા ઉત્પાદનો અને સેવાઓ પર ટેલિફોન કોલ્સ/ઈમેલ/શોર્ટ મેસેજ સર્વિસ દ્વારા પ્રમોશનલ માહિતી

મેળવવા માંગતા ન હોય, તો કાર્ડધારક અને/અથવા અરજદાર એચડીએફસી બેંક વેબસાઈટ દ્વારા અથવા ફોન બેંકિંગ અથવા એચડીએફસી બેંક દ્વારા ઓફર કરવામાં આવતી અન્ય ચેનલો દ્વારા "ડુ નોટ કોલ" સેવા માટે નોંધણી કરાવી શકે છે.

16. સંચાલન કરતો કાયદો અને અધિકારક્ષેત્ર

16.1 આ નિયમો અને શરતોની રચના અને માન્યતા તમામ બાબતોમાં ભારતના કાયદા દ્વારા સંચાલિત થશે. કાર્ડધારક અને અરજદાર સંમત થાય છે કે આ નિયમો અને શરતોમાંથી ઉદ્ભવતાં કોઈપણ કાનૂની પગલાં અથવા કાર્યવાહી મુંબઈ ખાતેની અદાલતો અથવા ટ્રિબ્યુનલ સમક્ષ લાવવામાં આવશે અને તે અદાલત અથવા ટ્રિબ્યુનલના અધિકારક્ષેત્રમાં અટલ રીતે પોતાને રજૂ કરશે. જોકે, એચડીએફસી બેંક પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, આ નિયમો અને શરતોમાંથી ઉદ્ભવતાં કોઈપણ કાનૂની પગલાં અથવા કાર્યવાહી કોઈપણ અન્ય કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા અન્ય યોગ્ય ફોરમમાં શરૂ કરવાનું પસંદ કરી શકે છે અને કાર્ડધારક અને અરજદાર આ અધિકારક્ષેત્રને સંમતિ આપે છે તથા કાર્ડધારક અને અરજદારને આવી કોઈપણ કાનૂની પગલાં અથવા કાર્યવાહીના સ્થળની સ્થાપના સામે હાલમાં અથવા ભવિષ્યમાં કોઈપણ વાંધો હોય અને આવી કોઈપણ કાનૂની પગલાં અથવા કાર્યવાહી અસુવિધાજનક ફોરમમાં લાવવામાં આવી હોવાના કોઈપણ દાવાને માફ કરે છે.

17. સેટ-ઓફ અને લિએન

17.1 આ નિયમો અને શરતો અથવા અન્ય કોઈપણ ડૉક્યુમેન્ટ/વ્યવસ્થામાં સમાવિષ્ટથી વિપરીત કંઈપણ હોવા છતાં: (a) કાર્ડધારક અને અરજદારની એચડીએફસી બેંક પ્રત્યેની વર્તમાન અને ભવિષ્યની જવાબદારીઓના સંદર્ભમાં, પછી ભલે તે આ ડૉક્યુમેન્ટ હેઠળ હોય અથવા કોઈપણ અન્ય જવાબદારી/લોન/સુવિધાઓ/ઋણ/ડૉક્યુમેન્ટ હેઠળ હોય, પછી ભલે આવી જવાબદારીઓ સ્ફટિકીકૃત છે/હોય, વાસ્તવિક હોય કે આકસ્મિક, પ્રાથમિક હોય કે કોલેટરલ હોય કે અનેક અથવા સંયુક્ત રીતે અન્ય લોકો સાથે, મુખ્ય દેવાદાર તરીકે અને/અથવા ગેરંટર તરીકે અને/અથવા અન્યથા ગમે તે હોય (સામૂહિક રીતે "**જવાબદારીઓ**"), એચડીએફસી બેંક કોઈપણ સામાન્ય પૂર્વાધિકાર અથવા સમાન અધિકાર ઉપરાંત જે તે લાગુ કાયદા, પ્રથા, રિવાજ અથવા અન્યથા દ્વારા બેંકર તરીકે હકદાર હોઈ શકે છે, તમામ કાર્ડધારક અને અરજદારના વર્તમાન અને ભવિષ્યના સ્ટોક્સ, શેર્સ, સિક્યોરિટીઝ, મિલકત, બુક ડેટ્સ, બધા ખાતાઓમાંના તમામ નાણાં, પછી ભલે તે ચાલુ, બચત, ઓવરડ્રાફ્ટ, ફિક્સ્ડ અથવા અન્ય થાપણો હોય, એચડીએફસી બેંક સાથે રાખવામાં આવે છે અથવા કસ્ટડીમાં હોય, કાનૂની અથવા રચનાત્મક હોય, હાલમાં અથવા ભવિષ્યમાં, કાર્ડધારકની સમાન અથવા અલગ ક્ષમતામાં હોય અને અરજદાર, અને ભલે તે અલગથી હોય કે અન્ય લોકો સાથે સંયુક્ત રીતે, કોઈપણ બેંકિંગ સંબંધ, સલામત કસ્ટડી, સંગ્રહ, અથવા અન્યથા માટે, અને (b) અલગથી, એચડીએફસી બેંકને કાર્ડધારક અને અરજદારની સૂચના વિના અને સંમતિ વિના, ઉપરોક્ત (કોઈપણ ચોક્કસ જવાબદારી માટે નિર્ધારિત હોય કે ન હોય) કોઈપણ જવાબદારીઓના સંદર્ભમાં કોઈપણ બાકી રકમ વસૂલવા અથવા તેની સામે તમામ ખાતાઓમાં (પહેલા અથવા એચડીએફસી બેંકની વિવેકબુદ્ધિ મુજબ પરિપક્વતા પર), સિક્યોરિટીઝ, રકમો અને મિલકતમાં આવી બધી રકમ સેટ-ઓફ, ટ્રાન્સફર, વેચાણ, વસૂલાત, સમાયોજિત, યોગ્ય કરવાનો અને કાર્ડધારકના બધા અથવા કોઈપણ ખાતાઓને ભેગા અથવા એકીકૃત કરવાનો અને કોઈપણ નાણાં, પછી ભલે તે સમાન પ્રકારના અથવા પ્રકૃતિના હોય કે ન હોય અને સમાન ક્ષમતામાં રાખવામાં આવે કે ન હોય, સેટ-ઓફ કરવાનો સ્પષ્ટ અધિકાર રહેશે, જેમાં આવા ડૉક્યુમેન્ટ્સના સંદર્ભમાં કોઈપણ જવાબદારીઓના કોઈપણ ભાગની ચુકવણીમાં કોઈપણ ડિફોલ્ટનો સમાવેશ થાય છે.

18. ફેરફારોની સૂચના

18.1 એચડીએફસી બેંક પાસે કોઈપણ સમયે, (a) આ નિયમો અને શરતોમાં સુધારો અથવા પૂરક બનાવવાનો સંપૂર્ણ વિવેકાધિકાર

રહેશે; અને/અથવા (b) પ્રિપેઈડ કાર્ડ પર ઓફર કરવામાં આવતી કોઈપણ સુવિધા અને/અથવા લાભમાં ફેરફાર કરવાનો, જેમાં મર્યાદા વિના, પ્રિપેઈડ કાર્ડના સંદર્ભમાં શુલ્ક અથવા દરો અને/અથવા શુલ્કની ગણતરીની પદ્ધતિને અસર કરતા ફેરફારોનો સમાવેશ થાય છે. એચડીએફસી બેંક, સુધારેલી શરતો, પ્રિપેઈડ કાર્ડની સુવિધાઓમાં કરવામાં આવેલા ફેરફારો અને પ્રિપેઈડ કાર્ડના સંદર્ભમાં સુધારેલા વ્યાજ, શુલ્ક અને દરો, એચડીએફસી બેંકની વેબસાઈટ પર હોસ્ટ કરીને અથવા એચડીએફસી બેંક દ્વારા નક્કી કરવામાં આવે તેવી કોઈપણ અન્ય રીતે, સમયાંતરે જણાવશે. કાર્ડધારક અને અરજદાર સમયાંતરે એચડીએફસી બેંકની વેબસાઈટ પર પોસ્ટ કરવામાં આવતા નિયમો અને શરતોના નવીનતમ સંસ્કરણોની નિયમિતપણે સમીક્ષા કરવા માટે જવાબદાર રહેશે, અને સુધારેલા નિયમો અને શરતો એચડીએફસી બેંકની વેબસાઈટ પર હોસ્ટ થયા પછી પ્રિપેઈડ કાર્ડનો ઉપયોગ ચાલુ રાખવાથી સુધારેલા નિયમો અને શરતો સ્વીકાર્ય હોવાનું માનવામાં આવશે.

19. કાર્ડધારક અને અરજદાર સ્વીકારે છે, સંમત થાય છે અને પુષ્ટિ આપે છે કે એચડીએફસી બેંક, આ નિયમો અને શરતો અને/અથવા પ્રિપેઈડ કાર્ડના સંબંધમાં, યોગ્ય લાગે તે રીતે આવા વ્યાપાર સંવાદદાતાઓ/તૃતીય પક્ષ પેટા-કોન્ટ્રાક્ટરો/એજન્ટો/સેવા પ્રદાતાઓનો ઉપયોગ કરી શકે છે.

20. કાર્ડધારક અને અરજદાર આ દ્વારા સ્વીકારે છે, સંમત થાય છે અને પુષ્ટિ આપે છે કે કાર્ડધારક અને અરજદારે એચડીએફસી બેંકની વેબસાઈટ (https://www.hdfcbank.com/assets/pdf/Customer-Protection-Policy.pdf) પર ઉપલબ્ધ એચડીએફસી બેંકની ગ્રાહક સુરક્ષા નીતિ વાંચી અને સમજી છે તથા કાર્ડધારક સિવાય અન્ય કોઈ વ્યક્તિ દ્વારા પ્રિપેઈડ કાર્ડના ઉપયોગના કિસ્સામાં, મર્યાદા વિના, પ્રિપેઈડ કાર્ડના સંદર્ભમાં તે દ્વારા બંધાયેલા રહેવાનું સ્વીકારે છે અને સંમત થાય છે.

21. કાર્ડધારક અને અરજદાર સ્વીકારે છે, સંમત થાય છે અને પુષ્ટિ આપે છે કે આ નિયમો અને શરતો ફક્ત એચડીએફસી બેંક અને કાર્ડધારક/અરજદાર વચ્ચે છે અને અહીં કોઈ અન્ય તૃતીય પક્ષને કોઈ અધિકારો અથવા જવાબદારીઓ નથી.

22. અરજદાર અરજી પત્રક જમા કરીને નિયમો અને શરતો સ્વીકારે છે અને આ રજૂઆત પર, પ્રિપેઈડ કાર્ડ અને આ રજૂઆતોના વિષયવસ્તુના સંદર્ભમાં આ નિયમો અને શરતો અરજદાર અને એચડીએફસી બેંક વચ્ચેના કરારનું પ્રતિનિધિત્વ કરશે.

23. કાર્ડધારક આ પ્રિપેઈડ કાર્ડના ઉપયોગ દ્વારા નિયમો અને શરતો સ્વીકારે છે અને પ્રિપેઈડ કાર્ડના પ્રથમ ઉપયોગ પર, આ નિયમો અને શરતો, પ્રિપેઈડ કાર્ડ અને આ રજૂઆતોના વિષયવસ્તુના સંદર્ભમાં કાર્ડધારક અને એચડીએફસી બેંક વચ્ચેના કરારનું પ્રતિનિધિત્વ કરશે.

અસ્વીકારઃ ઉક્ત દસ્તાવેજ મૂળ અંગ્રેજી આવૃત્તિનું ભાષાંતર છે. જો મુદ્દા સંબંધમાં કોઈ પણ ખામી હોય તો અંગ્રેજી આવૃત્તિ સર્વોપરી રહેશે. કોઈ પણ મૂંઝવણ માટે કૃપા કરી તમારી સ્થાનિક એચડીએફસી બેન્ક શાખાનો સંપર્ક કરો.